ઉમેરેલ લાભાર્થી 3 કલાક પછી એક્ટીવ થશે. 3 કલાક બાદ તમે ઉમેરેલ લાભાર્થીને ₹ 25,000/- સુધી ફંડ ટ્રાન્સફર કરી શકશો. ત્યારબાદ નિયમ મુજબ વ્યવહાર કરી શકશો.

Other Bank Customer લાભાર્થી ઉમેરવા તમારે નીચે મુજબની વિગતો એડ કરવાની રહેશે.

1. લાભાર્થીનું નામ
2. લાભાર્થીનો ખાતા નંબર
3. લાભાર્થીનો Email ID
4. લાભાર્થીનો મોબાઈલ નંબર
5. ફંડ ટ્રાન્સફર મર્યાદા
6. IFSC Code નંબર

આટલી વિગતો ભરી Submit બટન પર ક્લીક કરો અને તમારા રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર આવેલ OTP એન્ટર કરો જેથી લાભાર્થી સફળતાપૂર્વક એડ થઈ જશે.

- એડ કરેલ લાભાર્થી 3 કલાક બાદ એક્ટીવ થશે. 3 કલાક પછી તમે એડ કરેલ લાભાર્થીને ફંડ ટ્રાન્સફર કરી શકશો.
- લાભાર્થીની વિગત તમે ગમે ત્યારે Manage Payee (લાભાર્થી) મેનુમાથી Delete/Modify કરી શકો છો.
- હવે ફંડ ટ્રાન્સફર કરવા Fund Transfer મેનુ પર ક્લીક કરો.
- ટ્રાન્સફરનો પ્રકાર સિલેક્ટ કરો (ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્કથી ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્ક માટે Inter Bank અને ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્કથી અન્ય બેંક માટે Other Bank સિલેક્ટ કરો.

**Inter Bank ફંડ ટ્રાન્સફર માટે :**

Own Account અથવા Third Party within bank તમારા મુજબ સિલેક્ટ કરોઃ

જો Own Account ફંડ ટ્રાન્સફર સિલેક્ટ કરો તોઃ

1. તમારે જે ખાતુ ડેબીટ કરવું હોય તે સિલેક્ટ કરો પછી જે ખાતુ ક્રેડીટ કરવું હોય તે સિલેક્ટ કરો.
2. જેટલી રકમ ટ્રાન્સફર કરવી હોય તે એન્ટર કરો.
3. રીમાર્કમાં વિગત એડ કરો.
4. Pay Now બટન પર ક્લીક કરો અને તમારા રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર આવેલ OTP એન્ટર કરો.

જો Third Party માટે Other Bank ફંડ ટ્રાન્સફર સિલેક્ટ કરો તોઃ

1. તમારે જે ખાતુ ડેબીટ કરવું હોય તે સિલેક્ટ કરો.
2. તમારે જે લાભાર્થીને ફંડ ટ્રાન્સફર કરવું છે તેનું નામ સિલેક્ટ કરો.
3. જેટલી રકમ ટ્રાન્સફર કરવી હોય તે એન્ટર કરો.
4. રીમાર્કમાં વિગતો એડ કરો.
5. Pay Now બટન પર ક્લીક કરો અને તમારા રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર આવેલ OTP એન્ટર કરો.

**Debit Card સર્વિસ :**

ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્કમાં મેળવેલ Rupay ATM Debit Cardને તમે Active/Deactive કરી શકો છો. તેમજ ATM, PoS, E-Com અંગેનાં ટ્રાન્સઝેશનની લીમીટ પણ અહીં સેટ કરી શકશો.

**IMPS ટ્રાન્સફરઃ**

આ સર્વિસથી આપ 24x7 ફંડ ટ્રાન્સફર કરી શકશો. IMPS ટ્રાન્સફર P2P (MMID) અને IFSC, એકાઉન્ટ નંબર (P2A) દ્વારા થઈ શકશે.

**સર્વિસ મેનુ :**

સર્વિસ મેનુમાંથી તમે નીચે મુજબની સર્વિસનો ઉપયોગ કરી શકો છો.

1. IMPS મીની સ્ટેટમેન્ટ
2. Email સ્ટેટમેન્ટ
3. View સ્ટેટમેન્ટ
4. ચેકબુક રીક્વેસ્ટ
5. ચેક ટ્રાન્ઝેક્શન
6. તેમજ અધર સર્વિસમાંથી તમે બેંકમાં ડીપોઝીટના અને લોનનાં વ્યાજદરો જાણી શકો છો. તેમજ લોન અંગેનો EMI અને FDનું વ્યાજ પણ જાતે ગણી શકો છો.

## ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્ક લિ.


વધુ માહિતી માટે બેંકની નજીકની શાખાનો સંપર્ક કરવા વિનંતી.


https://ttcbl.com • email: headoffice@ttcbank.co.in

6, વસંત વિહાર સોસાયટી, મીઠાખળી છ રસ્તા પાસે,
નવરંગપુરા, અમદાવાદ-380 009.
ફોનઃ 079-26430545, 26434252


**BRANCH:** Maskati Martet | New Cloth Market | Ayojan Nagar | Ashram Road

# Textile Traders Co-Op. Bank Ltd.

# મોબાઈલ બેન્કિંગ એપ્લિકેશન માર્ગદર્શિકા




GET IT ON Google Play
Download on the App Store

# ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓ. બેન્ક મોબાઈલ બેંકિંગ એપ્લિકેશન

ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્કનાં કસ્ટમર્સ મોબાઈલ બેંકિંગ એપ્લિકેશન એનડ્રોઈડ અથવા એપલ (iPhone) ફોન પર ઉપયોગ કરી શકે છે.

મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરવા માટે તમારા કસ્ટમર લેવલ ઉપર મોબાઈલ નંબર તથા Email ID રજીસ્ટર હોવો જરૂરી છે. આ ઉપરાંત તમારા KYC અપડેટ હોવા જરૂરી છે.

## મોબાઈલ બેંકિંગ રજીસ્ટ્રેશન :


મોબાઈલ બેંકિંગનો ઉપયોગ કરવા માટે બેંકની હેડ ઑફિસ તથા શાખા અથવા બેંકની વૅબસાઈટ ઉપરથી મોબાઈલ ઍપ્લિકેશન ફોર્મમાં જણાવેલ જરૂરી વિગતો ભરી / મેન્ડેટ આપી ઍપ્લિકેશન ઉપયોગ કરવા માટે તમારા એન્ડ્રોઈડ ફોનમાં પ્લે સ્ટોરમાં જઈ, ત્યાં "ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્ક" શોધો અને જો તમે એપલ ફોન વાપરતા હો તો એપલ સ્ટોરમાં જાવ ત્યાં "ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્ક" શોધો.

એપ્લિકેશન પર ક્લીક કરો. ઈન્સ્ટોલ બટન ક્લીક કરો, ઈન્સ્ટોલ થયા બાદ એપ્લિકેશન ખોલો, જરૂરી પરમીશન એલાઉ કરો, ત્યારબાદ રજીસ્ટ્રેશન કરવા માટે લોગ ઈન પેજ પર રજીસ્ટ્રેશન બટન પર ક્લીક કરો, ત્યારબાદ જરૂરી શરતો સંમત કર્યા બાદ આગળ વધો. જે મોબાઈલ નંબર રજીસ્ટર હશે તેની ઉપર OTP (વન ટાઈમ પાસવર્ડ) SMS દ્વારા કરવામાં આવશે. તે OTP એન્ટર કરો ત્યારબાદ હવે તમારે 6 ડીજીટનો નંબર લોગીન પાસવર્ડ સેટ કરવાનો રહેશે. પાસવર્ડ સેટ કર્યા પછી તમારે સિક્યુરીટી પ્રશ્નો/જવાબો સેટ કરવાનાં રહેશે. આ પ્રશ્નોનાં જવાબો જ્યારે તમે ફોન બદલો અથવા પાસવર્ડ ભૂલી ગયા બાદ નવો પાસવર્ડ બનાવતી વખતે અથવા એપ્લિકેશન રી-ઈન્સ્ટોલ કરો ત્યારે એન્ટર કરવાનાં રહેશે. આ પ્રશ્નનાં જવાબો તમારે યાદ રાખવાના રહેશે. તેમજ પાસવર્ડ (MPIN) યાદ રાખવાના રહેશે. જો સિક્યુરીટી પ્રશ્નો / જવાબો ભુલી ગયા હશો તો બેન્કમાં ફોર્મ ભરી રીસેટ કરી શકાશે.




રજીસ્ટ્રેશન પૂર્ણ થયું હવે તમે એપ્લિકેશનમાં લોગીન કરી શકો છો.

## લોગીન :




એપ્લિકેશન લોગીન કરવા માટે ઍપ્લિકેશન ઓપન કરો, તેમાં તમે સેટ કરેલો 6 આંકડાનો MPIN પાસવર્ડ એન્ટર કરો. ત્યારબાદ તમારા રજીસ્ટર્ડ મોબાઈલ નંબર આવેલ Login Requestનો OTP એન્ટર કરો.

લોગીન થયા બાદ તમારા મોબાઈલ નંબરથી રજીસ્ટર થયેલા તમામ એકાઉન્ટ્સ આ એપ્લિકેશનમાં દેખાશે. તે ચેક કરવા Accounts (એકાઉન્ટ્સ) મેનુ પર ક્લીક કરો. અહીં તમે તમારા Saving/Current/CC/Loan ખાતાની વિગતો જેવી કે Account Balance, Mini Statement, Detail Statement ચેક કરી શકો છો. આ ઉપરાંત તમે જે તે ખાતામાંથી ફંડ ટ્રાન્સફર પણ કરી શકો છો. ફંડ ટ્રાન્સફર કરતી વખતે તમને ટ્રાન્ઝકેશન OTP આવશે. તે એન્ટર કર્યા બાદ જ ટ્રાન્ઝકેશન સફળતાપૂર્વક થઈ શકશે. જે તમે Login Pin (પાસવર્ડ) ભૂલી ગયા હોય તો તમે લોગીન પેજ પર આવેલ Forget Pin બટન પર ક્લીક કરી ફરીથી રીસેટ કરી શકો છો.

## ફંડ ટ્રાન્સફર :

ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્કની મોબાઈલ એપ્લિકેશનથી તમે નીચે મુજબનાં ફંડ ટ્રાન્સફર કરી શકો છો.

1. ઈન્ટર બેંક ફંડ (Inter Bank) ટ્રાન્સફર (ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્કનાં પોતાનાં અને બીજાનાં ખાતામાં ફંડ ટ્રાન્સફર)
2. RTGS/NEFT ફંડ ટ્રાન્સફર (Other Bank) (ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્કથી બીજી કોઈ બેંકનાં ખાતામાં)
3. IMPS ફંડ ટ્રાન્સફર (ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્કથી બીજી કોઈ બેંકનાં ખાતામાં)

- ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્કનાં પોતાનાં ખાતાઓમાં ફંડ ટ્રાન્સફરની કોઈ જ લીમીટ નથી.
- ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્કનાં બીજાનાં ખાતામાં ફંડ ટ્રાન્સફરની લીમીટ તમે પોતે સેટ કરી શકો છો.
- ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્કથી અન્ય કોઈ બેંકમાં એક દિવસમાં મહત્તમ ₹ 5,00,000/- ફંડ ટ્રાન્સફર કરી શકો છો.

ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્કનાં બીજાનાં ખાતામાં ફંડ ટ્રાન્સફર કરવા અથવા RTGS/NEFT/IMPS કરવા સૌપ્રથમ તમારે જેને ફંડ ટ્રાન્સફર કરવું છે (લાભાર્થી) એની વિગત ઉમેરવી જરૂરી છે.

- લાભાર્થીની વિગત ઉમેરવા Manage Payee (લાભાર્થી) મેનુ પર ક્લીક કરો. લાભાર્થી ઉમેરો.
- એકાઉન્ટ સીલેક્ટ કરી નીચે આપેલ એડ પેઈ બટન પર ક્લીક કરી લાભાર્થી એડ કરો.
- જો લાભાર્થીનું ખાતુ ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઓપ. બેન્કમાં હોય તો Inter Bank ઓપ્શન સિલેક્ટ કરો.
- જો લાભાર્થીનું ખાતુ કોઈ અન્ય બેન્કમાં હોય તો Other Bank ઓપ્શન સિલેક્ટ કરો.

Inter Bank Customer લાભાર્થી એડ કરવા તમારે નીચે મુજબની વિગતો એડ કરવાની રહેશે.

1. લાભાર્થીનું નામ
2. લાભાર્થીનો ખાતા નંબર
3. લાભાર્થીનો Email ID
4. લાભાર્થીનો મોબાઈલ નંબર
5. ફંડ ટ્રાન્સફર મર્યાદા

આટલી વિગતો ભરી Submit કરો અને તેને ખાતરી કરવા તમારા રજીસ્ટર્ડ મોબાઈલ પર આવેલ OTP એન્ટર કરી રજીસ્ટર્ડ કરો.

**SERVICES:** UPI | IMPS | RTGS/NEFT | POS | SMS | ATM (24X7) | NACH | E-MANDATE | MOBILE BANKING | RUPAY DEBIT CARD | ECOM | BBPS